# જ્ઞાતિમૈયા

જ્ઞાતિનું એકમાત્ર અધિકૃત મુખપત્ર

SAMAST MAHAJAN MEDIA COMMITTEE

ઈ-મેગેઝીન • વર્ષ : ૪ • સળંગ અંક : ૨૦૪ • તા.૭ થી ૧૩ મે ૨૦૨૨



**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**, Room No. 3, Ground Floor, Anantsidhi Jain Mandir, Opp. Badwaik Hospital, 107, L.B.S. Road, Bhandup (West), Mumbai - 78.




## શ્રી અનંતનાથ ટ્રસ્ટની

# અનંતસિદ્ધિની

# અંતરીક્ષમાં ઊંચી ઉડાન


DON'T
Compromise!
Portability Benefits Available
"HEALTH INSURANCE"
COMPARE, SCRUTINIZE & DECIDE
karani
☑ Global Cover
☑ No Room Rent Restrictions
☑ Consumables Benefit Cover
☑ Maternity Cover
☑ Emergency Air Ambulance
☑ OPD Dental Treatment Upto 10000/-
☑ OPD Treatment Upto 5000/-
☑ 60 Days-Pre & 90Days Post Hospitalisation
☑ Road Ambulance 5000 per Hospitalisation
☑ Compassionate Travel Upto 20000
☑ High End Diagnostic upto 25000
☑ Bariatric Surgery Cover
☑ No Claim Bonus 50% every year upto 100%
☑ Long Term Policy Discount 10% for 3 yrs Policy
: For Details Contact Us :
YASHODHAN KARANI 98211 37737
DEEPAK KARANI 98210 82664
DEEPAK MOMAYA 93233 44737
KALPESH LODAYA 93248 33133
*T & C APPLY
insurancekhoj.com™
the ultimate stop for insurance™
#404, BPS PLAZA, DEVI DAYAL ROAD, MULUND (W), MUMBAI - 400080.
90049 99900 / 93221 37737 79771 01415 insurancekhoj@gmail.com
LOCATIONS : GUJARAT | MAHARASHTRA | MADHYA PRADESH | KARNATAKA



જ્ઞાતિ શિરોમણી શેઠશ્રી નરશી નાથા


**-: સંપાદક ગણ :-**

**નીશિથ આનંદ દંડ**

**જયંત વસનજી છેડા**

**રાજેન્દ્ર મણિલાલ ખોના**

**પ્રવીણ હંસરાજ લોડાયા**

**કીર્તિકુમાર ધનજી ધરમશી**



**-: કાર્યાલય :-**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**

**Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan**

3, Anant Siddhi Building, Gr. Floor, LBS Marg, Bhandup (West), Mumbai - 400 078.

**જ્ઞાતિમૈયા હવે નેટ પર....**

http://www.kdosm.org

Email : gyatimaiya2018@gmail.com



**નોંધ :** આ પત્રમાં પ્રકાશિત તથા લેખકોનો સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ તેને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે જ્ઞાતિમૈયા સમિતિની કોઈ જવાબદારી નથી.


## અમારી વાત...

### સંપાદક સ્થાનેથી

# જિંદગીને ચાહો ને માણો

આપણી જિંદગી ભગવાનની શ્રેષ્ઠ અને અમૂલ્ય ભેટ છે. તેને આનંદપૂર્વક માણીને પસાર કરવી જોઈએ. મળેલી એક એક પળને ખુશી ખુશીથી જીવી ભગવાને આપણને આપેલી આ જિંદગીને બદલે રિર્ટન ગિફ્ટ આપવી દેવી જોઈએ. જન્મથી મૃત્યુ પર્યંતની પળે પળ જે આપણે વ્યતીત કરીએ છીએ તેની પાછળનો આશય તો જીવનનો આનંદ માણવાનો છે. તે સારી રીતે વ્યતીત થાય, યાદગાર થાય એજ સાચી ખુશી છે. આનંદ અને કિલ્લોલ નાદથી ઈશ્વરની મળેલ ભેટ એટલે કે આપણું જીવન હસી ખુશીના માહોલમાં વીતે એ નસીબદાર કહેવાય છે અને એ આપણે થઈને રહીએ. જીવનની નાની નાની પળો મોજથી માણીએ, હસી હસીને માણીએ કે જિંદગી પણ આપણી પર આફરીન થઈ જાય અને સંકટ, આપદા તથા અઘટિત પળો આપવા માટે આપણને બાકાત કરી દે.

ભાગદોડ ભરી જિંદગીમાં બે ચાર પળ સ્વ માટે કાઢવી જરૂરી છે. જિંદગીની ઝડપી ગતિને અટકાવી કેટલીક પળો સ્વાનંદ માટે માણીએ તો એની મોજ અવર્ણનીય આવવાની પોતાની શોખને નવજીવન આપી કંઈ નવું કંઈ લાભપ્રદ બનાવીએ. અન્યોની ઈચ્છાઓની ખેવના સતત કરતા રહેવા કરતા પોતાના અંતરના અવાજની કાળજી કરીએ, દરકાર કરીએ તો જીવવાનો આનંદ અઢળક મળવાનો.

રાત દિવસ સતત કામમાં ખૂંપેલા રહેવાથી અને ગમે તેવું મુશ્કેલ કાર્ય હશે પણ તેને હું પાર પાડીશ એવો દ્રઢ નિશ્ચ કરવા પછી કામ નિપટાવાનો આનંદ અગણિત મળશે. સદૈવ મનની ગમતી ક્રિયા, કર્મ કરવાથી, પ્રવૃત્તિમાં રત રહેવાથી આપણી અંદર રહેલ કળા, હુન્નરને ઉત્તેજન મળે છે તેને જીવંત કરવાનો માહોલ મળે છે. મુશ્કેલીઓ આવે તેની સામે હાથ અને હાલ મૂકી દેવાથી માત્ર હતાશા મળવાની છે. ગમે તેટલી મુશ્કેલીઓ આવે પરંતુ માનવી મુશ્કેલીમાં અડીખમ, અડગ અને હિંમતભેર રહે તો સાચા હીરાની જેમ ચમકી ઉઠે છે.

જીવનની મુશ્કેલીઓની ક્યારેય ફરિયાદ ન કરવી. કારણ કે મોટું કાર્ય કુદરત જેની ઉપર અતૂટ ભરોસો હોય એની હસ્તક સોંપે છે. દુઃખ દર્દ આવવા એનાથી નાસીપાસ થવાની જરૂર નથી કરાણ કે કેટલી સમસ્યાઓ આપણા ધૈર્યની, હિંમતની અને આંતરિક શક્તિની ધાર કાઢવા, એની અજમાયશ કરવા જ આવતી હોય છે. જીવનના દુઃખો તો અનેક હોય છે પણ તેને ટાળવાના, તેને હટાવવાના રસ્તાઓ અઢળક હોય છે. જરૂર હોય છે હિંમત રાખી તેને શોધવાની આ રસ્તો તેને મળે છે જે તેને શોધવાનું કષ્ટ કરે છે.

જીવનનો આનંદ જિંદગીને માણીને લેવાનો છે. નહીં કે તેનો તણાવ મન પર લઈને. જિંદગીને ચાહતા હશું તો તણાવ આપોઆપ હટી જશે, દૂર થઈ જશે. માટે જિંદગીને ભરપૂર ચાહો અને એ રીતે એને માણો કે જાણે દરેક દિવસ આયુષ્યનો છેલ્લો દિવસ છે.

–જય જ્ઞાતિમૈયા

# ક્ષમા સક્ષમ વ્યક્તિ આપી શકે




નીશિથ દંડ (સેક્રેટરી જનરલ)

જીવન વ્યવહારમાં ઘણીવાર એવી વ્યક્તિ સાથે પનારો પડે છે જે વારંવાર ભૂલ કરે કે સતત નવી નવી ભૂલો કરતી રહે અને દર વખતે સોરી કહીને ઝૂકે. આ ભૂલ કરવાની તેની આદતને શું આપણે સહજપણે ભૂલી શકીએ ખરા. ભલે ભૂલચૂકથી તીર છૂટી ગયાં હોય પણ તેના ઘાવ સહન કરનાર આ ઘાવ શું સહજ ભલે વિસરી શકે ખરો! દર વખતે ભૂલ કરનાર પોતાની આદત ન સુધારે એટલે આપણે તેને ક્ષમા આપવા જેટલી ઉદારતા દર વખતે બતાવીએ એ શું વ્યાજબી છે.

હમ નહીં સુધરેગે જેવો આ તાલ માણસ એ ક્યાર સુધી પકડી રાખવો જોઈએ અને એને મોટો મન રાખીને ઉદારભાવ દાખવવો જોઈએ. એક બે વાર થાય એ ભૂલ છે, ચૂક કે ગલતી છે. પણ વારંવાર થતી ભૂલ એ આદત છે કાં તો સ્વભાવ છે. જે અણમીટ મન મસ્તિકમાં કોતરાઈ ગયો છે. એકની એક ભૂલ બીજી વખત, ત્રીજી વખત થાય ત્યારેએ ખૂબ ગણાતી નથી. એ જાણી જોઈને કરેલું કૃત્ય બની જાય છે. અને જો વારંવાર એ જ ભૂલ જો દોહરાતી જાય તો સામેવાળાને નબળા સમજીને કરવામાં આવતું કૃત્ય છે એમ ગણવું રહેવું. ક્ષમા આપનારની ઉદારતાનો ગેરલાભ વધુ કેમ લઈ શકાય?

માફ કરવું કે ન કરવું એનો જો નિર્ણય કરવાનો હોય તો એ માટે એક નિયમ સમજવું જરૂરી છે કે જો ક્ષમા આપીને ભૂલી જવાથી જે ઘટનાનો બોજ તમારા મનપરથી ઉતરી જવાનો હોય, એનાથી મુક્ત થઈ જવાના હોઈએ, એ ઘટના કે એ બદકૃત્ય પીડવાનો ન હોય, એ આસાનીથી ભૂલી જવાના હો, એટલી ઉદાર સમજ ભાવના અને ભૂલ કરનારને તમે ગાઢ સ્નેહ સાથે બંધાયેલા હો તો કરી દો. જતું કરવાથી જો ઘટનાને ભૂલી શકવા, વિસ્મૃત થઈ જવા સમર્થ હો તો સહજ રીતે માફ કરી દો. પણ કોઈને ક્ષમા આપવાથી તમને જો માફ કર્યાનો ભાર લાગવાનો હોય, મેં આને ઉદારતા દાખવીને ક્ષમા આપી એ ખોટું જ થયું એ વિચારજો તમને સતત પીડવાનો હોય. તમે તેને કંઈ ન કર્યું. ઈચ્છા હતી તેની ભૂલ પર ક્રોધિત થઈ તેનો ટોટો પીસવાની. પણ જવા દીધું એનો ભાર કે બોજ સતત કાયમી બનીને મગજમાં ઘર કરી જાય તો માફ કરવા જેટલા તમે મહાન ન બનો એમાં જ ભલ મનસાઈ છે. મૂળ મુદ્દો ક્ષમા આપવી કે નહીં એ નથી. મૂળ મુદ્દો આપણે મુક્ત, હળવા કે મોકળાશથી કેમ રહી શકીએ, જીવી શકીએ એ છે.

આપણાથી કોઈ નાનો ભાઈ, બહેન અબૂધ પણમાં ભૂલ કરી આપણને પીડા આપે ત્યારે તેના પ્રેમ અને લાગણી પ્રત્યે ધ્યાન આપી તેની ભૂલો પ્રત્યે એટલું ધ્યાન આપતા નથી. કારણ કે તેની ના સમજ ને લીધે આવું થાય છે એવું તમારું માનવું છે. પણ પારકો કે જેની સાથે આપણને કોઈ નિસબત નથી એ જો આપણને ઘડી ઘડી ભૂલ કરી પીડા આપે એ આપણે સહજ રીતે સ્વીકારી શકતા નથી. આવી સ્થિતિ ન સર્જાય એ માટે સમર્થને સશક્ત, મક્કમ બનવું પડે છે. ક્ષમા આપવી વીરનું ભૂષણ છે, નબળાનું નહીં. નબળી બેડીઓ ફગાવી ટટ્ટાર ઊભા રહી કાબેલ વ્યક્તિ જ ક્ષમા આપી વાતનું શમન કરી શકે છે.


## બેંક અકાઉન્ટની વિગત

**For NEFT Transfer**

| | |
|---|---|
| Type of Account | :Saving |
| Account Number | : 002001005497 |
| Name of the Bank | :Shri Arihant Co-op. Bank Ltd. |
| Branch | :Mulund (West), Mumbai - 400 080. |
| Name Account | :Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan |
| For Mobile App Transfer | |
| Our IFSC Code | :ICIC00ARIHT |

**પૈસા મોકલ્યા પછી બેન્કનો રેફરન્સ નંબર, રકમ તથા તારીખની વિગત અલગથી મોકલવી.**

Draw your cheque in the name of **'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan'** (and payable at par at Mumbai)

**ચેકથી જાહેરાત ભરનારાઓને ચેક 'Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan' ના નામથી મોકલવો. ચેક at par મુંબઈ હોવા જોઈએ.**

# અલૌકિક એવું અનંત સિદ્ધિના ભૂમિપૂજનનું કાર્ય સફળતાપૂર્વક સંપન્ન થયું



લગભગ ૭૫ વર્ષ પૂર્વે નિર્માણ પામેલ આદિનાથ દાદાના તીર્થ સમાન દેરાસરની પાવનભૂમિના પરિસરમાં નવનિર્માણ થનાર અનંત સિદ્ધિના રહેવાસી બનવું એ ખરેખર એક અનેરો લ્હાવો છે. ઘણા વર્ષોની મહેનત બાદ અનંત સિદ્ધિના રહેવાસીઓનું, અનંતનાથ ટ્રસ્ટના ટ્રસ્ટીઓનું અને જ્ઞાતિજનોનું સ્વપ્ન સાકાર થઇ રહ્યું હતું.



વૈશાખ સુદ એકમ એટલે કે ૧લી મે ૨૦૨૨ ના શુભ દિવસે સવારે અનંત સિદ્ધિના ભૂમિપૂજનનો કાર્યક્રમ શરૂ થયો. જેમાં પરમ પૂજ્ય અચલગચ્છાધિપતિ શ્રી ના આજ્ઞાનું વર્તી પરમ પૂજ્ય ગણીવર્ય શ્રી ધર્મ પ્રભ સાગરજી મહારાજ સાહેબના શિષ્ય ધર્મ શેખર મહારાજ સાહેબ તેમજ સાધ્વીજી શ્રી એ પધારી માંગલિક સંભળાવ્યું અને ભૂમિ પૂજનના સ્થળે વાસક્ષેપ કર્યું. આમ ધર્મના કાર્ય દ્વારા શરૂ થયેલ કાર્યક્રમમાં પધારી



# અલૌકિક એવું અનંત સિદ્ધિના ભૂમિપૂજનનું કાર્ય સફળતાપૂર્વક સંપન્ન થયું



રહેલ સર્વ માનવંતા મહેમાનોનું ઢોલ અને શરણાઈના સંગીતથી સ્વાગત કરવામાં આવ્યું.

લગભગ સાડા નવ વાગે સર્વે એ નવકારશીનો લાભ લીધા બાદ ઉપસ્થિત સર્વ મહેમાનો મંડપમાં બિરાજમાન થયા અને રાજુલ બહેને ઉદબોધન શરૂ કર્યું. પ્રથમ  શ્રી નયન ભાઈ ભેદા અને શ્રી કુમારભાઈ દંડ દ્વારા નવકાર મંત્રનું સ્મરણ શરૂ કરવામાં આવ્યું. જેથી સંપૂર્ણ વાતાવરણ ઊર્જામય બન્યું. ઉપસ્થિત સર્વેનું સ્વાગત બાદ દીપ-પ્રાગટ્યની વેળા આવી સર્વે માનવંતા મહેમાનો સ્ટેજ ઉપર પધારી અને દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શુભ શરૂઆત કરી.



ત્યારબાદ પ્રમુખ શ્રી નયન ભાઈ ભેદા એ અનંત સિધ્ધિ સહ અનંતનાથ ટ્રસ્ટનો આબેહૂબ ચિતાર રજૂ કર્યો. તેમાં ૨૩૮ વર્ષ પહેલાં, જ્યારથી આપણી જ્ઞાતિના મહાનુભાવો એ  મુંબઈમાં પગલા માંડ્યા ત્યારથી કરી અને આ જ દિવસ સુધીના ઇતિહાસની ઝલક સ્ક્રીન ઉપર દર્શાવવામાં આવી અને જણાવવામાં આવ્યું કે, આ ઐતિહાસિક ધરોહરોની ઝલકએક કોફી ટેબલ બુક પણ ટૂંક સમયમાં પ્રિન્ટ કરવામાં આવશે. તેને સહુએ તાળીઓ સાથેખુશી વ્યક્ત કરી હતી.

ત્યારબાદ અનંતનાથ ટ્રસ્ટની વિવિધ પ્રવૃતિઓ  જેમાં મૂળ તો સાધર્મિક ભક્તિ, એજ્યુકેશન લોન અને હમણાં કોરોનાની મહામારી વખતે થયેલ સફળ વેક્સિનેશનડ્રાઈવ તેમજ જ્ઞાતિની ઘણી સંસ્થાઓને નાણાકીય પીઠબળ આપવું. આવા અનેક અનંતનાથ ટ્રસ્ટ દ્વારા થતા કાર્યો જ્ઞાતિજનોને જણાવવામાં આવ્યા. ત્યારબાદ અનંતનાથ ટ્રસ્ટની સંપૂર્ણ માહિતી જેમ કે, આપણા કેટલા દેરાસરો છે? આપણી મકાનોની મિલકત કેટલી છે? તે પણ સર્વે જ્ઞાતિજનોને જણાવવામાં આવ્યું.

જ્ઞાતિના ઐતિહાસિક નજરાણાની વિશિષ્ટતા દર્શાવતો લોગો એટલે કે, જ્ઞાતિની ધરોહરની યાદગાર ઓળખ.આમ વિશિષ્ટતાનું પ્રતિક એવા  અનંત સિદ્ધિનો લોગો અને  અનંતનાથ ટ્રસ્ટના લોગોને  અનાવરણ કરવામાં આવ્યું હતું.

જ્ઞાતિ ઉત્થાનની કામગીરીથી સૌને રૂબરૂ કરાવવા અર્થે અનંતનાથ ટ્રસ્ટે કરેલ વિવિધ કામગીરીઓ જેમાં મુખ્ય કામગીરી અનંત સિદ્ધિવિશે જેનામાટે  ગત પાંચ વર્ષ અને તેનાથી પહેલાં પણ નયનભાઈ ની ટીમે કરેલ કાર્ય ની પણ ઉદઘોષણા

# અલૌકિક એવું અનંત સિદ્ધિના ભૂમિપૂજનનું કાર્ય સફળતાપૂર્વક સંપન્ન થયું



થઈ. ત્યાર બાદ ગત પાંચ વર્ષમાં સ્વ.જયંતભાઈ સોની એ અનંતનાથ ટ્રસ્ટના સેલ્ફ રીડેવલપમેન્ટનો નિર્ણય લઈ અનંત સિદ્ધિનું કામ શરૂ કર્યું હતું તે બદલ તેમના ધર્મ પત્ની માલતીબેન જયંતભાઈ સોની સહિત તેમના પુત્ર ભાવિન ભાઈને સ્ટેજ પર બોલાવી તેમનું અભિવાદન સહ શાલ તથા મોમેન્ટો દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું.

ત્યારબાદ અનંત સિદ્ધિનું નવું નજરાણું, બિલ્ડીંગ દુકાનો કમર્શિયલ બનશે. ૭૫ વર્ષ પૂર્વે બનેલા દેરાસરના નવીનીકરણમાં માર્બલમાં કંડારી અને ખૂબ જ સુંદર ઓપ આપવામાં આવશે. એવું પ્રમુખ શ્રી એ જણાવ્યું હતું. આજના યુગ સાથે તાલ મિલાવીને વિવિધ જરૂરિયાતો પૂરી કરતી સુવિધાઓ પણ બિલ્ડીંગ માં ઉમેરવામાં આવરશે.આ લાભ હમણાં સુધી રહેનાર ૬૭ ઘરોને તો મળશે જ પરંતુ આનંદની વાત એ છે કે, અન્ય ૯૦ પરિવાર પણ આ લાભ મેળવી શકે છે. જ્ઞાતિજનો માટે આ એક સુવર્ણતક છે.સહુને ઉપયોગી થઈ શકે તેવો રેસિડેન્શિયલ કોમ્પલેક્સ બનાવવામાં આવશે. જેમાં વિવિધ ઉપાશ્રયો, શાળા, પાઠશાળા અતિથિગૃહ અને જૂના રહેવાસીઓના ફ્લેટ સાથે નવા વેચાણ યુક્ત ફ્લેટ પણ બનશે જેનો ભાવ પણ નક્કી કરી રજૂ કરવામાં આવ્યો હતો. રેરા રજીસ્ટ્રેશન માટે અરજી કરી દેવાઈ છે અને ત્યારબાદ વેચાણ પ્રક્રિયા શરૂ કરવામાં આવશે. પરંતુ જ્ઞાતિજનો માટે ભૂમિપૂજનના દિવસે એક આકર્ષક ઓફર વહેતી મૂકવામાં આવી હતી. જેના અનુરૂપ પહેલા ૨૪ ફ્લેટ્સ માટે જેઓ રસ-રુચિ દર્શાવે તેઓ માત્ર રૂપિયા ૧૧૦૦૦ની રકમ ભરી બુકિંગ કરી શકે છે. વિશેષ ઓફર તરીકે ફ્લેટની કુલ કિંમતના માત્ર ૨૫ ટકા પેમેન્ટ કર્યા બાદ બાકીના ૭૫ ટકા પેમેન્ટ પઝેશન વખતે કરવાનું રહેશે. વધુમાં અનંતસિદ્ધિમાં જે પણ જ્ઞાતિજન ફ્લેટ ખરીદશે તેને ૧૪થી ૧૫ લાખનું માતબર ડિસ્કાઉન્ટ પણ મળશે એવું પણ જાહેર કરવામાં આવ્યું હતું

ત્યારબાદ નયનભાઈ ભેદાએ અનંત શાલીભદ્ર યોજના રજૂ કરી હતી. જેમાં આપણા ૮૦૦૦ જ્ઞાતિ પરિવારો માંથી લગભગ ૨૦૦૦ પરિવારો જરૂરિયાતમંદ છે તેમના માટે દાનની ગંગા વહેવડાવીએ તો બહુજન હિતાય અને ઝાઝા હાથ

# અલૌકિક એવું અનંત સિદ્ધિના ભૂમિપૂજનનું કાર્ય સફળતાપૂર્વક સંપન્ન થયું



રળિયામણાની કહેવત પ્રમાણે ૪ કરોડની માતબર રકમ ભેગી કરી શકીએ અને આપણા જરૂરિયાત મંદભાઈ બહેનોને સાધર્મિક ક્ષેત્રે, વૈધકીય ક્ષેત્રે અને ભણતર ક્ષેત્રે  મદદરૂપ થઈ શકીએ.

ગરમીના વાતાવરણમાં પણ સર્વે એ અનંત સિદ્ધિનો ઇતિહાસ, અને અનંતનાથ ટ્રસ્ટના ઇતિહાસની મોજ માણી અને જ્ઞાતિ વિકાસની સર્વ કામગીરીઓ માટે સહુએ તાળીઓ સાથે અભિવાદન વ્યક્ત કર્યું. જ્ઞાતિના આ વિશેષ કાર્યક્રમમાં સાંસદ સભ્ય માનનીય શ્રી મનોજ કોટક તથા વિધાન સભ્ય શ્રી રમેશ કોરગાવકરે પણ હાજરી આપી હતી.સર્વે મહાનુભાવો ભૂમિપૂજન માટે પધાર્યા હતા.કાર્યક્રમ માટે વિશેષ લોકોની હાજરી એ ખરેખર પ્રેરણાત્મક રહી. અને ખાસ કરીને મુંબઈ ઉપરાંત ઇન્દોરથી તરુણભાઈ રતનશી  લોડાયા પુનાથી સંજય ધરમશી અને રાયપુરથી ચંદ્રેશભાઇ છેડા ખાસ ઉપસ્થિત રહ્યા.અને મુંબઈના આમંત્રિત વિશેષ મહેમાનોમાં વિશેષ અતિથિ ભદ્રેશ પટેલ, ચંદ્રેશ છેડા, ચેતન ભેદા, ચીમન મોતા, શ્રીમતી દક્ષાબેન મોતા, શ્રી દિલીપ નાગડા, નરેન્દ્ર ધરમશી, નિરંજન મોમાયા, રાજેન્દ્ર ખોના, સંજય ધરમશી, શામજી દંડ અને મુખ્ય અતિથિમાં શ્રીમતી દમયંતીબેન ચાપસી લોડાયા, કમલેશ શિવજી વિકમશી, શ્રીમતી માલતીબેન જયંત સોની, પ્રવીણ હંસરાજ લોડાયા, તરૂણ રતનશી લોડાયા. તદુપરાંત કે.વી. ઓ. ભાંડુપ સંઘના પદાધિકારી પદમસિંહ હિરજી ગડા, નેપ્ચ્યુન ના નયન શાહ, અનિમેષ ધરમશી વગેરે મહાનુભાવો પધાર્યા હતા.સર્વે એ શ્રીફળ વધેરી કાર્યના શ્રીગણેશ કર્યા હતા. સર્વે મહાનુભાવો ભૂમિપૂજન વખતે પહેલી ઈંટ પણ ત્યાં પધરાવી હતી અને પાણી અને દૂધથી અભિષેક કરી ધરતી માતાને વંદન કરી  ક્ષેત્રપાલ સહ મહાકાલીમાતા ચકેશ્વરી માતાને પણ વંદન કરી કાર્ય સફળતાની મનો કામના વ્યક્ત કરી હતી.

અનંતનાથ ટ્રસ્ટના સર્વ ટ્રસ્ટી ગણો એ શ્રી નયનભાઈ ભેદા જેઓ આ સંપૂર્ણ કાર્યના મુખ્ય સ્રોત છે. તેમને ફૂલોનો હાર પહેરાવી સન્માન અર્પણ કર્યું હતું. જેમાં માનનીય શ્રી પ્રવીણભાઈ લોડાયા પણ જોડાયા હતા.

ઉત્કૃષ્ટ એવા ભૂમિપૂજનમાં સોમશેખરજી દ્વારા પૂજન, કુમકુમ અતુલ બારોટ દ્વારા ડોમ એન્ડ ડેકોરેટર કુમકુમ અતુલ બારોટ, વૃત્તિ ભેદા દ્વારા પીપિટી, ધનરાજ કેટરિંગના મેઘકુમારનું સ્વાદિષ્ટ  ફૂડ, એલ ઈ ડી અને સાઉન્ડ ડખારો મિલન જૈન, ફોટોગ્રાફર સુનિલ ફોટો વૈભવ મૈત્રી અને કાર્યક્રમની સંપૂર્ણ વ્યવસ્થા નેપ્ચ્યુનના સંજયભાઈ શાહ દ્વારા કરવામાં આવી હતી. આમ સંપૂર્ણ અલૌકિક એવું  ભૂમિ પૂજન નું કાર્ય સુખરૂપ સંપન્ન થયું હતું. એવું અનંતનાથ ટ્રસ્ટની અખબારી યાદીમાં જણાવામાં આવ્યું છે.

# ભાવભરી શ્રદ્ધાંજલિ



**જન્મ :**
**૧૧-૦૨-૧૯૫૮**

**અરિહંતશરણ :**
**૦૩-૦૫-૨૦૨૨**

## શેઠશ્રી તરૂણ ધનજી ધરમશી (ઉં.વર્ષ - ૬૪)

**ગામ : સુથરી, હાલ : જુહૂ**

**શોકાતુર**

માતા–પિતા : જવેરબાઈ ધનજી ધરમશી
સાસુ–સસરા : તારાબેન માણેકજી મોતા
પત્ની : કલ્પનાબેન તરૂણ ધરમશી
પુત્ર–પુત્રી : જતીનભાઈ અને રચના ભાવિન સોની
પુત્રવધુ–જમાઈ : સ્નેહલ જતિન ધરમશી અને ભાવિન જયંત સોની
દાદા : મોક્ષકુમાર
નાના : દક્ષ અને લક્ષ કુમાર
ભાઈ : ખુશાલભાઈ, કીર્તિભાઈ, ખુશેંન્દ્ર, ઉમેશ, લલિત, પરેશ
બહેન–બનેવી : ચેતના મહેન્દ્ર ડુંગરશી મોમાયા

*જીવન એવું જીવી ગયા કે*
*સૌના પથ દર્શક બની ગયા*
*ધર્મ કર્મ સેવા સૌજન્ય થકી*
*સૌના દિલમાં વસી ગયા*



**–: શ્રધ્ધાસુમન :–**

**માતુશ્રી જવેરબાઈ ધનજી ધરમશી પરિવાર (સુથરી)**
**માતુશ્રી તારાબેન માણેકજી મોતા પરિવાર (રાપરગઢ)**

Deluxe logistics Pvt. Ltd.
TRANSPORT CONTRACTORS & FLEET OWNERS

# શ્રી વીરજી લધાભાઈ કે.ડી.ઓ.જૈન વિદ્યાર્થીગૃહ નવા એડમીશન માટેના ફોર્મ બાબતે સૂચના

શ્રી વીરજી લધાભાઈ કે.ડી.ઓ.જેન વિદ્યાર્થીગૃહ, શ્રી ભવાનજી અરજણ ખીમજી એજ્યુકેશનલ કેમ્પસ, લક્ષ્મીનિવાસ, કામાલેન, ઘાટકોપર (વેસ્ટ) મુંબઈ-૪૦૦ ૦૮૬. ફોનઃ ૨૫૧૩૩૧૭૪ ૨૫૧૦૦૧૫૪

નવા એડમીશન ફોર્મ્સ આપવાની કાર્યવાહી બાબત : શાળા વિભાગ કોલેજ વિભાગ : અરજીપત્રક ભરવાની છેલ્લી તા.૩૧ મે ૨૦૨૨. નોંધઃ તા ૩૧.૦૫.૨૨ પછી ફોર્મ લેટ ફી સાથે જ સ્વીકારવામાં આવશે.

શાળા વિભાગ (ધોરણ ૫ થી ૧૨) ઈન્ટરવ્યુઃ તા. ૧૧/૦૬/૨૨, સવારે ૧૦.૩૦ વાગેથી, કોલેજ વિભાગ ઈન્ટરવ્યુઃ તા.૧૨/૦૬/૨૨ સવારે ૧૦.૩૦ વાગેથી.

૧૦ જુન ૨૦૨૨ થી વિદ્યાર્થીગૃહનું પ્રથમ સત્ર શરૂ થશે તે પહેલા અરજીપત્રક ભરવાના રહેશે.

વિદ્યાર્થીગૃહમાં ધોરણ ૫ થી ૧૦ સુધીના છાત્રોને શાળા ફી, પાઠ્યપુસ્તક, તમામ સ્ટેશનરી, યુનિફોર્મ, કપડાની વધારાની બે જોડી, તેલ, સાબુ, મેડીકલ સારવાર, રહેવા, જમવાની ફી સવલતો આપવામાં આવે છે.

ધોરણ ૧૧,૧૨ અને FY ના છાત્રોને નિયમાનુસાર રહેવા, જમવાની ફી સવલતો પ્રાપ્ત છે. ઉપરાંત તમામ છાત્રોને કોમ્પ્યુટર જ્ઞાન, ઈન્ટરનેટ, વ્યાયામ, રમતગમત, વિવિધ સ્થળે પ્રવાસ, ધાર્મિક શિક્ષણ, વાચનાલય, પુસ્તકાલય જેવા વિવિધ લાભો બહોળા પ્રમાણમાં ઉપલબ્ધ છે.

નોંધ :- અરજીફોર્મ www.kdoedu.com વેબ સાઈટ પરથી ડાઉનલોડ કરી, પૂર્ણ ભરી ફોર્મની સોફ્ટ કોપી સંસ્થાનાં ઈમેલ એડ્રેસ vivgdesk@gmail.com પર મોકલી આપવી. ફોર્મની હાર્ડ કોપી જરૂરી ડોક્યુમેંટ સાથે સંસ્થાનાં ઉપરોક્ત એડ્રેસ ઉપર કુરીયરથી ૩૧.૦૫.૨૦૨૨ સુધી મોક્લાવવાનાં રહેશે.

---

## પ.પૂ.સાધ્વીશ્રી હીરગુણાશ્રીજી મ.સા.નો સંયમ જીવનના ૮મા વર્ષમાં મંગલ પ્રવેશ




વિ.સં.૨૦૭૧ વૈશાખ સુદ ૬ તિથિ દિને સાંધવના માતુશ્રી મીનાબેન મણિલાલ પદમશી ખોનાની દુલારી દીકરી સંયમ પંથે વિચરવાનો દૃઢ સંકલ્પ કરીને ભાંડુપ નગરે અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા ગ્રહણ કરી અને પ.પૂ.સાધ્વીશ્રી કનકગુણાશ્રીજી મ.સા.ને ગુરૂ સ્વીકારી પ.પૂ. સાધ્વીશ્રી હીરગુણાશ્રીજી મ.સા.નું નામ પામ્યા.

તા.૭ મે શનિવારના વિક્રમ સંવત ૨૦૭૮ વૈશાખ સુદ ૬ તિથિ દિને સંયમ જીવન સફરના ૭ વર્ષ પૂર્ણ કરીને સફળતાપૂર્વક ૮મા વર્ષમાં પ્રવેશ કર્યો. પૂજ્ય સાહેબનું સંયમ જીવન સફળતાપૂર્ણ શાતાપૂર્વક આગળ અવિરત ગતિમય રહે અને સૌને આશીષ લાભ મળતો રહે એ મંગલ ભાવના.

---

## ગિરનાર મહાતીર્થે ૯૯ યાત્રા દરમ્યાન વર્ષીતપ આરાધના કરનાર યાત્રિક કન્યાના પારણા થયા

ગિરનાર મહાતીર્થે ૯૯ યાત્રા દરમ્યાન વર્ષીતપની આરાધના કરનાર યાત્રિક કન્યાના પારણા પ.પૂ.સાધ્વીશ્રી વિપુલગુણાશ્રીજી મ.સા.ની નિશ્રામાં ભાવપૂર્વક થયા.

# ભાવભરી શ્રદ્ધાંજલિ



કચ્છ
સુથરી

હાલે
જૂહુ

# શેઠશ્રી તરુણભાઈ ધનજી ધરમશી

**પ્રભુ સમીપે : તા. ૦૩-૫-૨૦૨૨**

**અંજલિ આપતાં હૈયું તૂટે છે... શ્રદ્ધાંજલિ આપતા શબ્દો ખૂટે છે...**
**કુદરતના ખજાનાને ખોટ પડે છે... ત્યારે ધરતીના મધમધતા ફૂલો ચૂંટે છે...**

સમય જિંદગીનો ઓછો હશે ક્યાં ખબર હતી? વિદાય તમારી અણધારી હશે એ ક્યાં ખબર હતી?
પ્રભુ પરમાત્મા આપના દિવ્ય આત્માને શાશ્વત શાંતિ અર્પે એજ પ્રાર્થના.

**ચીમન ખોના (મોબાઈલ - ૯૮૨૧૦૬૯૨૫૫)**


GIRNAR

## NEW GIRNAR ROADWAYS

**TRANSPORT CONTRACTOR & COMMISSION AGENTS**

PLOT NO.95, SECTOR 19 C, VASHI, NAVI MUMBAI - 400 705.
TEL.: 2783 9280 / 2783 9934 • FAX : 2783 1272
E-mail : nayan_ck9@hotmail.com

# સુથરી તીર્થના મૂળનાયક શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથ ૭ દિવસ આંગીનો લાભ દાતા પરિવારો એ લીધો





કચ્છ પ્રદેશના અબડાસા પંથકના ઐતિહાસિક સુથરી તીર્થના મૂળ નાયક શ્રી ધૃતકલ્લોલ પાર્શ્વનાથ દાદાની તા.૫ મે ગુરૂવારે આંગી કરવાનો લાભ સ્વ.તરૂણભાઈ ધનજીભાઈ ધરમશીને શ્રધ્ધાંજલિ નિમિત્તે હસ્તે માતુશ્રી ઝવેરબાઈ ધનજીભાઈ ધરમશી સુથરી હાલ બેંગ્લોરવાલા તરફથી અને તા.૬ મે શુક્રવારે સુથરી તીર્થના મૂળનાયક દાદાની આંગી કરાવવાનો લાભ રાપર ગઢવારીવાળા માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા પરિવાર તરફથી તેમજ સગા-સબંધી, મિત્ર, વર્તુળો હતો. સાતે દિવસના દાતાઓની ખૂબ ખૂબ અનુમોદના, આભાર.

# પ.પૂ.સાધ્વીશ્રી મહાપ્રજ્ઞાશ્રીજી મ.સા.નો સંયમજીવનના ૫૫ મા વર્ષમાં પ્રવેશ



કોઠારા-સાંયરાના માતુશ્રી લક્ષ્મીબેન લખમશીભાઈ રતનશી દંડના પુત્રી વૈશાખ સુદ ૭ વિક્રમ સંવત ૨૦૨૪ની તિથિએ સંયમ જીવનમાં સંકલ્પ સાથે મોક્ષ પંથે વિચરણ કરવા મોટા આસંબિયા નગરે અચલગચ્છાધિપતિ પ.પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરિશ્વરજી મ.સા.ના હસ્તે દીક્ષા સ્વીકારી. પ.પૂ.સાધ્વીશ્રી ચારૂલતાશ્રીજી મ.સા.ને ગુરૂ તરીકે સ્વીકારી સ્વયં પ.પૂ. સાધ્વીશ્રી મહાપ્રજ્ઞાશ્રીજી મ.સા.ની ઓળખ પામ્યા.

તા.૮ મે વિક્રમ સંવત ૨૦૨૪ વૈશાખ સુદ સાતમ તિથિએ ૫૪ વર્ષનો દીર્ઘ સંયમ જીવન પૂર્ણ કરી ૫૫ મા વર્ષમાં પ્રવેશ કરે છે. આ ભવ્ય સંયમ સફરની સરાહના કરી પૂજ્યશ્રીની સંયમ જીવન યાત્રા શતક શિખરે બિરાજે એ શુભકામના સાથે વંદના.

# રાયપુર નગરના શ્રી કુંથુનાથ પ્રભુ જિનાલયના ૨૧મા ધ્વજારોહણ પ્રસંગે ત્રિહ્નિકા મહોત્સવનું આયોજન

રાયપુર નગરે શ્રી છતીસગઢ કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિજનના શ્રી કુંથુનાથ પ્રભુ જિનાલયના શ્રી સિધ્ધિચક્ર સહ દેવ દેવી ગુરૂમંદિરના ૨૧મા ધ્વજારોહણ પ્રસંગે તા.૧૫ મે રવિવારથી તા.૧૭ મે મંગળવાર સુધી ત્રિહ્નિકા મહોત્સવનું ભવ્ય આયોજન કરાયું છે.

કૈવલ્યધામ તીર્થ પ્રેરિકા પ્રર્વતિની મહોદયા પ.પૂ.સાધ્વીશ્રી નિપુણાશ્રીજી મ.સા.ના સુશિષ્યા પ.પૂ.સા.શ્રી સ્નેહયશાશ્રીજી મ.સા.ના સુશિષ્યા પ.પૂ.શ્રીયશોનિધિશ્રીજી મ.સા. આદિ ઠાણા છતીસગઢ રત્ન શિરોમણિ મહતરા પદ વિભૂષિત પ.પૂ.ગુરૂવર્યા શ્રી મનોહરાશ્રીજી મ.સા.ના વિદુષી શિષ્યા સરલમના પ.પૂ.સા.શ્રી સુભદ્રાશ્રીજી મ.સા., પ.પૂ.સાધ્વીશ્રી સિધ્ધોદયાશ્રીજી મ.સા. આદિ ઠાણાની પાવન નિશ્રા પ્રદાન કરશે.

આ મહોત્સવ માટે મુંબઈથી રાજાભાઈ નંદુ પોતાની ટીમ સાથે પધારશે. એમને સાથ રાયપુરના વિધિકાર વિમલ ગોલછા અને સંગીત પાર્ટી શીતલબેન વ્યાસ એન્ડ પાર્ટી રાયપુર આપશે.

મહોત્સવનું આકર્ષણ ૧) જિનાલયની ભવ્ય સજાવટ ૨) કચ્છના સુપ્રસિધ્ધ ઢોલ, શરણાઈ ૩) પ્રભુજીની ભવ્ય અંગ રચના ૪) ભવ્ય વિશાળ રંગોળી અને ૫) ભવ્ય આકર્ષક ગહુલી ૬) પૂજારીજી નો ભવ્ય અભિનંદન રાયપુર શહેરમાં પ્રથમવાર ૭) પ્રભુજી, દેવ-દેવી ગુરૂદેવજીને છત્ર અર્પણ ૮) મૂળનાયક શ્રી કુંથુનાથ પ્રભુજીને મુકુટ અર્પણ.

મહોત્સવ દરમ્યાન કાળા વસ્ત્ર અને ચામડાની વસ્તુઓ વર્જિત છે. આ મહોત્સવ પ્રસંગે ધર્મ લાભ લેવા પધારવાનું આમંત્રણ શ્રી છતીસગઢ ક.દ.ઓ.જૈન જ્ઞાતિ મહાજન રાયપુર દ્વારા સહર્ષ અપાયું છે.

# સ્મરણાંજલિ



ગામ : સુથરી,
હાલ : જુહૂ

અરિહંતશરણ
તા. ૩ મે ૨૦૨૨

# શેઠશ્રી તરૂણ ધનજી ધરમશી

(ઉં.વર્ષ - ૬૪)

નથી હયાત પણ સાથે છો એવું હંમેશા લાગ્યા કરશે,
હર ક્ષણે તમારી ઉપસ્થિતિનો આભાસ થયા કરશે.
ક્યારેક કહેવાયેલી વાતોના ભણકારા વાગ્યા કરશે,
યાદોમાં તમારા પ્રત્યક્ષ રીતે સદાય દર્શન થયા કરશે.

-: શ્રદ્ધાસુમન :-

## માતુશ્રી વિજયાબેન વિરેન્દ્ર લોડાયા પરિવાર, બાંડિયા - અમદાવાદ

# શ્રી ક.દ.ઓ.જૈન સમાજ કેળવણી ઉત્કર્ષ ટ્રસ્ટ સંચાલિત શ્રી કાનજી ભાણજી મોતા અને શ્રી દેવકાબાઈ કાનજી મોતા, તેરાવાલા શાળા ફી, પુસ્તક સહાયક ફંડ

શ્રી કાનજી ભાણજી મોતા અને શ્રી દેવકાબાઈ કાનજી મોતા, તેરાવાલા શાળા ફી, પુસ્તક સહાય ફંડ શ્રી ભવાનજી અરજણ ખીમજી એજયુકેશનલ કેમ્પસ લક્ષ્મી નિવાસ, કામા લેન, ઘાટકોપર (વે), મુંબઈ - ૪૦૦૦૮૬. ફોન નં.૦૨૨-૨૨૫૧૩૩૧૪૪ ૦૨૨૨-૨૫૧૦૦૧૫૭

નર્સરીથી ધોરણ ૧.૦ માટે શાળા ફી તથા પુસ્તક સહાય ફોર્મ ભરવાની છેલ્લી તા. ૩૧ મી ઓગષ્ટ ૨૦૨૨ છે.

નોંધ : અરજી ફોર્મ www.kdoedu.com વેબસાઈટ પરથી ડાઉનલોડ કરી, પૂર્ણ ભરી, જરૂરી ડોક્યુમેંટ સાથે સંસ્થાનાં ઉપરોક્ત એડ્રેસે કુરીયરથી મોક્લાવવાનાં રહેશે. વિશેષમાં વાલીના આધારકાર્ડ,પેનકાર્ડ તથા જે બેંકમાં ખાતું હોય તે બેંકના કેનસલ્ડ ચેકની ફોટો કોપી મોકલાવવાની અગત્યની રહેશે.

મોતા પરિવારનાં વિદ્યાર્થીઓનાં વાલીને જણાવવાનું કે ચાલુ વર્ષથી તેમના સંતાનની શૈક્ષણીક સહાય અર્થે તેમણે નીચે જણાવેલ ફોન નંબર ઉપર સંપર્ક સાધી અરજી ફોર્મ મેળવી ભરવાનાં રહેશે. ફોર્મ ઈમેલ ambamaatrust@gmail.com, tanmantourgmail.com, પર પણ મોકલાવી શકાશે. સંપર્ક : ૦૨૨-૨૫૯૦૩૫૧૪/ ૧૫/૧૬

# પાલીતાણા તીર્થે ગુણોદયપુરમાં વર્ષીતપ પારણા મહોત્સવ ઉજવાયો



તા.૩મે મંગળવાર અક્ષય તૃતીયાના પાવન દિને પાલીતાણા તીર્થે ગુણોદયપુરમમાં પ.પૂ.મુનિરાજ શ્રી પ્રિયંકરસાગરજી મ.સા. તથા અન્ય સંપ્રદાયના સાધુ સાધ્વીજી મ.સા.ની નિશ્રામાં પારણા મહોત્સવ અદ્‌ભૂત અને અનન્ય ભાવથી ઉજવાયો.

# વરલી સંઘમાં પૂજ્ય મહારાજ સાહેબોની પધરામણી થઈ





તા.૪ મે બુધવારના દિને વરલી સંઘમાં પ.પૂ.આ.ભ.શ્રી મહોદયસાગરસૂરીશ્વરજી મ.સા., ગણિવર્ય પ.પૂ.શ્રી ધર્મરત્નસાગરજી મ.સા. આદિ ઠાણાની પધરામણી થઈ. સંઘના શ્રાવક શ્રાવિકાઓએ ઉત્સાહભેર તેમના પ્રવેશને વધાવ્યો હતો.

# અચલગચ્છનો સ્થાપનાના ૯૧૦ મા વર્ષમાં અદ્‌ભૂત ભાવ સાથે પ્રવેશ થયો

ગુજરાત પ્રદેશના પાવાગઢ તીર્થ પાસેના ભાલેજ નગરમાં વિક્રમ સંવત ૧૧૬૯માં મહાન ક્રિયોધ્ધારક પ.પૂ.દાદાસાહેબ શ્રી આર્યરક્ષિતસૂરિશ્વરજી મ.સા.એ તત્કાલ સમયે વિધિપક્ષ ગચ્છ (વર્તમાન નામ અચલગચ્છ)ની અખાત્રીજના પાવન દિવસે સ્થાપના કરી હતી. હાલે તા.૩મે ૨૦૨૨ મંગળવારના અચલગચ્છએ ૯૧૦મા વર્ષમાં પ્રવેશ કર્યો છે.

# સ્મરણાંજલિ



## શેઠશ્રી તરૂણ ધનજી ધરમશી (ઉં.વર્ષ - ૬૪)

(અરિહંતશરણ : તા. ૩ મે ૨૦૨૨)

ગામ : સુથરી, હાલ : જુહૂ

જન્મ તેનું મૃત્યુ, ઉદય તેનો અસ્ત એ સનાતન
સત્ય હોવા છતાં કેટલા મૃત્યુ એવા હોય છે જેના ઘાવ રૂઝાતા નથી.
પ્રભુ આપના દિવ્યત્મ આત્માને શાશ્વત શાંતિ આપે એજ પ્રાર્થના

-:: શ્રદ્ધાસુમન ::-

## જયંત ભવાનજી સોની પરિવાર

**માલતીબેન જયંત સોની**
**ભાવિન જયંત સોની • રચના ભાવિન સોની**
**દક્ષ ભાવિન સોની • લક્ષ ભાવિન સોની • જોય ગ્રુપ**

# શ્રી કચ્છી દશા ઓસવાળ જૈન જ્ઞાતિ મહાજનશ્રી ભુજ દ્વારા મહાકાળી માતાજીની ભાવના સાથે વિવિધ કાર્યક્રમો યોજાયા

શ્રી કચ્છી દશા ઓસવાળ જૈન જ્ઞાતિ મહાજનશ્રી ભુજ દ્વારા મહાકાળી માતાજીની ભાવના તથા સ્તવન સ્પર્ધા અને વિવિધ કાર્યક્રમો સમાજવાસીઓની વિશાળ ઉપસ્થિતિમાં એકમ ભવન ભુજ મધ્યે યોજાયા હતા.







કાર્યક્રમના પ્રારંભે પરમપૂજ્ય મુનિરાજ શ્રી ભાગ્યોદય સાગરજી મારાજ સાહેબે માંગલિક શ્રવણ કરાવતાં જણાવ્યું હતું કે ભગવાન ન બની શકીએ પણ ભગવાન બનવાનું બીજ વાવી શકીએ. ભૌતિક્વાદ વધી રહયું છે જેના કારણે દરેક સમાજને નુક્સાન થઇ રહયું છે. સુખની અંદર ભેળસેળ નહીં ચાલે. જીવનમાં ગુણનો વિકાસ આપણને મોક્ષનાં માર્ગ લઇ જશે. સુખી બનવું હોય તો પરમાત્માનાં વચનોને અનુસરો. પરમાત્માનાં માર્ગને અનુસરો. શ્રાવક ધર્મને અનુસરો.

મહાકાળી માતાજીની ભાવનામાં ગીતાબેન લોડાયા, જયાબેન મુનવર, હીનાબેન લોડાયા, દુલારીબેન નાગડા, દિલીપ મોતા, પ્રબોધ મુનવર, હીરાચંદ છેડા, અમીતા જૈન તયા કાર્યકર ભાઇ-બહેનોએ રમઝટ જમાવી હતી. રચનાબેન સોની, જયુબેન શાહ, ગુણવંતીબેન મોતા,લીનાબેન સાંયા, દમયંતિબેન મોતા, લીલાવંતીબેન છેડા, કાંતાબેન મુનવર ઉપસ્થિત રહયાં હતાં. છેલ્લા અઢી વર્ષ દરમિયાન અવસાન પામનાર સમાજનાં પૂર્વ પ્રમુખ શ્રી હરીશભાઇ વિક્મશી, તારાબેન સાંયા, કુલીન મુનવર, ચંદ્રકાન્ત મુનવર, હેમંત છેડા, લહેરચંદ ખોના સહિત સમાજનાં ૧૬ ભાઈ-બહેનોને શ્રદ્ધાંજલિ આપવામાં આવેલ. જૈનરત્ન અને રાજ્યનાં પૂર્વમંત્રી શ્રી તારાચંદભાઇ છેડાની સેવાઓને બિરદાવી ભાવાજંલિ આપવામાં આવેલ.

સ્તવન સ્પર્ધા, હાઉસી ગેમ, કચ્છી શબ્દ સ્પર્ધા, જ્ઞાતિગૂંચ ઉકેલ સ્પર્ધા વિજેતાઓને ઇનામોથી નવાજવામાં આવેલ. ઉપસ્થિત બાળકોને પણ ગીફટ આપવામાં આવેલ. કાર્યક્રમના દાતા માતુશ્રી કસ્તુરબાઇ હીરાચંદ મુનવર પરિવારનાં જયાબેન પ્રબોધ મુનવરનું શ્રી કચ્છી દશા ઓસવાળ જૈન જ્ઞાતિ મહાજનશ્રી ભુજ દ્વારા બહુમાન કરવામાં આવેલ. પ્રેમચંદભાઇ દંડ તયા ઠાકરશીભાઇ મૈશેરીએ રાસની રમઝટ જમાવેલ. અમીતા જૈન, જિનાલી મુનવર, દુલારી નાગડાએ નિર્ણાયક તરીકે સેવાઓ આપી હતી. શ્રી કચ્છી દશા ઔસવાળ જૈન જ્ઞાતિ મહાજનશ્રી ભુજ તથા શ્રી કચ્છી દશા ઓસવાળ જૈન યુવક મંડળ દ્વારા આગામી યોજનારા કાર્યક્રમોની જાહેરાત શ્રી હીરાચંદ છેડા તથા તુષાર જૈને કરેલ.

કાર્યક્રમનું સંચાલન પ્રબોધ મુનવર તથા હીરાચંદ છેડાએ જ્યારે આભાર દર્શન દિલીપભાઇ મોતાએ કરેલ. કાર્યક્રમને સફળ બનાવવા તુષાર જૈન, અભય ધરમશી, દિપેશ શાહ, નીરવ મોતા, મહેન્દ્ર લોડાયા, અનીલ શાહ, ખુશાલ લોડાયા, પંક્જ નાગડા, હેમંત મોમાયા, મુલચંદ મુનવર, હિતેશ ધરમશી, કૌશિક ખોના તયા યુવક મંડળ, મહિલા મંડળનાં સર્વે કાર્યકર ભાઇ-બહેનોએ જહેમત ઉઠાવી હતી.

# આદરાંજલિ...



# શેઠશ્રી તરુણ ધનજી ધરમશી

**(સ્વર્ગવાસ : તા.૦૩-૦૫-૨૦૨૨)**

રક્તમાં વણાયેલ દિલમાં સમાયેલી આપની સ્મૃતિ ખાસ છે
વિરહની વેદના છે, છતાં પલ પલની હાજરીનો અહેસાસ છે
સેવા, સમર્પણ જ્ઞાતિહિતની ભાવના ધરાવતા સાક્ષાત મૂર્તિ,
અમૃત ભરેલા અંતરવાળા, સાગર જેવા વિશાળ દિલવાળા,
સ્નેહી સ્વજનો તથા મિત્રોને સદાય ઉપયોગી રહેવા તત્પર
પરગજુ માનવીના જવાથી અમારા જીવનમાં ખાલીપો સર્જાયો છે
જેની ખોટ કદી પૂરાશે નહીં.

**-: શ્રદ્ધાસુમન :-**

## માતુશ્રી દીમુબાઈ રાયશી પાશ્વીર મોતા પરિવાર
## માતુશ્રી ગુણવંતીબાઈ ખીમજી મૈશેરી પરિવાર
## રાયપુર - નાની સિંધોડી

# પ.પૂ.ગણિવર્યશ્રીનું ચાતુર્માસ દક્ષિણ મુંબઈ સંઘને મળ્યું

પ.પૂ.ગણિવર્ય શ્રી ઉદયરત્નસાગરજી મ.સા. એવમ પ.પૂ.મુનિરાજ શ્રી ગુણવલ્લભસાગરજી મ.સા.નું વર્ષ ૨૦૨૨નું ચાતુર્માસ કરવાનો લાભ દક્ષિણ મુંબઈ અચલગચ્છ જૈન સંઘને મળ્યું છે. ચાતુર્માસ પ્રવેશ શુભ મુર્હુત પ્રાપ્ત કરવા તા.૮ મે રવિવારના સવારે ૯.૩૦ થી ૧૨.૩૦ દરમ્યાન શારદા મંદિર સ્કૂલ હોલ ગામ દેવી મું.૭ સ્થળે વિશેષ કાર્યક્રમ રખાયો છે. કાર્યક્રમ બાદ સાધર્મિક ભક્તિનો લાભ રખાયેલ છે.

# બીજાપુર સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી ડૉ.હર્ષનિધિશ્રીજી મ.સા.ના વર્ષીતપનું પારણું યોજાયું





કર્ણાટક રાજ્યના બીજાપુર સંઘમાં પ.પૂ.સાધ્વી ડૉ.શ્રી હર્ષનિધિશ્રીજી મ.સા.ના વર્ષીતપનું પારણું તા.૩ મે મંગળવાર અખાત્રીબીજના પાવન મંગલ દિને થયું. સંઘના શ્રાવક શ્રાવિકાઓ ભવ્ય ભાવ સંગે આ પ્રસંગમાં જોડાયા હતા.

# પ.પૂ.સાધ્વીશ્રી વિરલકિરણાશ્રીજી મ.સા.નો સંયમ જીવનના ૧૭મા વર્ષમાં પ્રવેશ

વૈશાખ સુદ ત્રીજ વિક્રમ સંવત ૨૦૬૨ તિથિ દિને કચ્છ ગામ સાંધાણના કલ્પનાબેન પ્રતાપભાઈ કુવંરજી ધરમશીના પુત્રી સંયમ જીવન પથ પર ચાલી મોક્ષ માર્ગ પર આગામી જીવન વિતાવવાનો સંકલ્પ લઈ માટુંગા નગરે પ.પૂ.મુનિરાજશ્રી દેવરત્નસાગરજી મ.સા.ના હાથે દીક્ષાગ્રહણ કરી અને પ.પૂ.સાધ્વીશ્રી અર્હત કિરણાશ્રીજી મ.સા.ના શિષ્યા થઈ પ.પૂ. સાધ્વીશ્રી વિરલકિરણાશ્રીજી મ.સા.ના નામે ઓળખાયા.

વિક્રમ સંવત ૨૦૭૮ અખાત્રીજ વૈશાખ સુદ ત્રીજ તિથિને તા.૩મે મંગળવાર દિને પૂજ્ય સાહેબ સંયમ જીવન પથના પ્રવાસના ૧૬ વર્ષ પરિપૂર્ણ કરી શુકનવંતા સતરમા વર્ષેમાં પ્રવેશ કર્યો. તેઓશ્રીનું સંયમ જીવન રજત સુવર્ણ પાર કરી શતક વર્ષે બિરાજમાન થાય એ જ મંગલકામના સાથે વંદના.

# કેડીઓ GVC સંઘમાં ધ્વજા મહોત્સવની હર્ષભેર ઉજવણી સંપન્ન થઈ





ઘાટકોપર નગર ખાતે શ્રી અનંતનાથ ટ્રસ્ટ સંચાલિત શ્રી કેડીઓ જીવીસી સંઘમાં ધ્વજા મહોત્સવ પ્રસંગે વિવિધ ધર્મ આરાધનાઓ સંઘના શ્રાવક શ્રાવિકાઓના હર્ષ ઉમંગભેરના સહભાગથી અદ્‌ભૂત રીતે સંપન્ન થઈ.

# ભાવાંજલિ



## સ્વ. શેઠશ્રી તરૂણ ધનજી ધરમશી (ઉં.વર્ષ - ૬૪)

**ગામ : સુથરી, હાલ : જુહૂ**

**અરિહંતશરણ : તા. ૩ મે ૨૦૨૨**

સજ્જનતા તમારી સુવાસ હતી, પ્રસન્નતા તમારૂં જીવન હતું,
પરોપકાર તમારૂ રટણ હતું, સત્કાર્ય તમારી શોભા હતી,
એક સેવાભાવી નીસ્વાર્થ વ્યક્તિત્વ અને કર્મનિષ્ઠ પુણ્યાત્માને
પ્રભુ શાંતિ પ્રદાન કરે એજ અભ્યર્થના.

**શ્રદ્ધાસુમન**


**નારાયણજી કાનજી એન્ડ કંપની, કેશવાપુર - હુબલી**

**માતુશ્રી ઈંદુમતીબેન વિરચંદ નાગડા**

**પ્રજેશ વિરચંદ નાગડા**

**તૃપ્તિ પ્રજેશ નાગડા • મોક્ષ પ્રજેશ નાગડા**

# ૭૨ જિનાલય તીર્થે અચલગચ્છાધિપતિશ્રીની નિશ્રામાં સાધુ-સાધ્વીજી મ.સા.ના વર્ષીતપના પારણા થયા







તા.૩મે મંગળવારના દિને અખાત્રીજ પર્વ પ્રસંગે કચ્છના ૭૨ જિનાલય તીર્થે અચલગચ્છાધિપતિ પ.પૂ.આચાર્ય ભગવંતશ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ની પાવન સભર નિશ્રામાં સાધુ-સાધ્વીજી મ.સા.ના વર્ષીતપના પારણા થયા.













# ભાવભરી સ્મરણાંજલિ



આંખો હજુ નિહાળે છે તમને,
અંતર હજુ પુકારે છે તમને...
સ્મરણ તમારૂ થાય છે અમને,
મન મુકીને રડાવે છે અમને...
અંજલી આપતા હૈયુ તુટે છે,
શ્રદ્ધાંજલી આપતા શબ્દો ખુટે છે...
ભગવાન આપના આત્માને
શાંતિ અર્પે એજ અમારી પ્રાર્થના...

## સ્વ.તરૂણ ધનજી ધરમશી

**(સ્વર્ગવાસ : તા.૦૩-૦૫-૨૦૨૨)**

ગામ : કચ્છ, સુથરી - હાલે : જુહૂ
ઉ.વર્ષ - ૬૪

શ્રદ્ધાસુમન

## શામજી નરશી દંડ પરિવાર

**(ગામ : સાંધવ, હાલ : મુલુંડ )**

# મુમુક્ષુ ચંદનબેન નરેન્દ્ર વીરાને અચલગચ્છાધિપતિ આ.ભ.એ દીક્ષા મુહૂર્ત પ્રદાન કર્યું





અખાત્રીજ મંગળવાર દિને તા.૩મે રોજ મેરાઉના મુમુક્ષુ ચંદનબેન નરેન્દ્ર વીરા ઉ.વ.૫૪ને અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.એ ૭૨ જિનાલય તીર્થે દીક્ષાનું શુભ મુર્હૂત પ્રદાન કર્યું.

સંવત ૨૦૭૯ મહા સુદ ૭ તા.૨૭ જાન્યુઆરી ૨૦૨૩ના રોજ લાયજા મધે તેઓનો દીક્ષા મહોત્સવ યોજવામાં આવશે.

# કચ્છના રાયધણજર નગરે આદિનાથ જિનાલયની ૨૩૪ મો ધ્વજા મહોત્સવ ચડતા ભાવથી ઉજવાયો

કચ્છ પ્રદેશના અબડાસા પંથકના રાયધણજર ગામના શ્રી આદિનાથ જિનાલયનો ૨૩૪મો ધ્વજા મહોત્સવ અઢળક ઉત્સવ ભાવ સાથે વિવિધ ધર્મ આરાધનાઓ કરીને ઉજવાયો. સંઘના શ્રાવક શ્રાવિકાઓ ચડતા ભાવથી જોડાઈ ધર્મ લાભ પામ્યા હતા. સમગ્ર કચ્છમાં મૂળ સ્વરૂપના પ્રાચીન જિનાલયમાં અત્રેના જિનાલયનો બીજા નંબર આવે છે.





# ૭૨ જિનાલય તીર્થમાં અચલગચ્છાધિપતિ આ.ભ.શ્રીની પ્રવેશ પધરામણી થઈ

તા.૨મે સોમવાર સવારે કચ્છના તીર્થોતમ તીર્થ ૭૨ જિનાલયમાં અચલગચ્છાધિપતિ પ.પૂ. આ.ભ.શ્રી કલાપ્રભસાગરસૂરીશ્વરજી મ.સા. આદિ ઠાણાનો ભવ્ય ઉત્સાહના માહોલમાં પ્રવેશ થયો. તીર્થના ટ્રસ્ટીઓ, મહોત્સવના દાતા પરિવારના સભ્યો સાથે શ્રાવિકા શ્રાવિકાઓ ઉમંગ ભાવથી પૂજ્ય સાહેબને ઉમળકાભાવથી વધાવ્યા.



# વ્યક્તિનો વિકાસ એટલે જ્ઞાતિની સમૃદ્ધિ

શ્રી સમસ્ત મહાજનની મિડીયા પ્રસાર સમિતિ દ્વારા બીટુબી ના સહયોગથી એક નવો પ્રકલ્પ શરૂ કરવા જઈ રહ્યા છીએ. આમાં તમે મુશ્કેલ પરિસ્થિતિઓ સામે ખંત ખમીર અને સાહસથી લડીને વ્યવસાય વિકસાવ્યો છે. આપ હુનરને આગળ વધાર્યો છે અને પરિવાર માટે આવકનો સ્ત્રોત ઉભો કર્યો છે. એ પ્રેરણા ભરી વાતો જેમાં ક્યા સંજોગોમાં વ્યાપાર ધંધો શરૂ કર્યો, કેવી તકલીફો સહન કરી આગળ વધ્યા એ બધી વાતો જ્ઞાતિજનો સુધી પહોંચાડવા અને તેમાંથી સૌ કોઈ પ્રેરણા લે એ પ્રયોજનથી જ્ઞાતિમૈયા ઈ મેગેજીનમાં પ્રગટ કરાશે. તો કૃપા કરીને આપેલ લિંક ઓપન કરી ફોર્મમાં વિગતવાર માહિતી આપશો એ વિનંતી.

**અહ્યા ક્લીક કરીને વિગતવાર માહિતી આપીને આ ફોર્મ ભરો**

# ભાવપુર્ણ શ્રદ્ધાંજલિ



# સ્વ. તરૂણ ધનજી ધરમશી

**ગામ : કચ્છ, સુથરી - હાલે : જુહૂ**
**ઉ.વર્ષ - ૬૪**

જીવન એવું જીવી ગયા કે સૌના પથ દર્શક બની ગયા
ધર્મ કર્મ સેવા સૌજન્ય થકી સૌના દિલમાં વસી ગયા

**શ્રદ્ધાસુમન**

## શ્રી ભલારાદાદા ટ્રસ્ટ, લાલપુર

# શ્રી સમસ્ત મહાજનની મહાસમિતિની સભા તા.૨૨મેના રોજ ઘાટકોપર મધે

શ્રી સમસ્ત કચ્છી દશા ઓસવાલ જૈન મહાજનની મહાસમિતિની એક સભા રવિવાર તા.૨૨મેના સાંજે ૪ થી ૬ કલાકે સુધી શ્રી વીરજી લાધાભાઈ કેડીઓ જૈન વિદ્યાર્થીગૃહ, કામાલેન કિરોલ રોડ, ઘાટકોપર (વેસ્ટ), મુંબઈ-૮૬ મધે જેમાં નીચે મુજબ દર્શાવેલ કાર્યસૂચિ પ્રમાણે કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

૧) ગત તા.૫ ડિસેમ્બર ૨૦૨૦ની સભાની મિનિટસનું વાંચન અને બહાલી આપવા બાબત. ૨) હિસાબી વર્ષ ૨૦૨૧-૨૦૨૨ના ઓડિટ થયેલ હિસાબી ચોપડાઓ રજૂ કરવા બાબત. ૩) સમસ્ત મહાજનના નવા પ્રોજેક્ટ વિષે ચર્ચા વિચારણા કરી ઘટતું કરવા બાબત. ૪) સમસ્ત મહાજનની ઓફિસ બાબત ચર્ચા વિચારણા કરી ઘટતું કરવા બાબત. ૫) મહાસમિતિની જે તે વિભાગના ખાલી પડેલ સીટ ભરવા બાબત. ૬) સભાના પ્રમુખશ્રીની સંમતિથી જે કંઈ રજૂ થાય તે બાબત ઘટતું કરવા.

નોંધ : સભાની કાર્યસાધક હાજરી (કોરમ) મહાસમિતિના ૧/૫ સભ્યોની રહેશે. કાર્યસાધક હાજરીના અભાવે મુલત્વી રહેલ સભા તે જ સ્થળે તે જ દિવસે મુકરર સમયથી એક કલાક પછી મળશે. જેની નોંધ કાર્યસૂચિમાં જણાવવી પડશે. મજકુર સભામાં કાર્યસાધક હાજરીની જરૂર રહેશે નહીં. પરંતુ તેવી સભામાં કાર્યસૂચિમાં જણાવ્યા સિવાય અન્ય કોઈપણ કામકાજ થઈ શકશે નહીં. સભા સ્થળે સાંજના સભા બાદ ચોવિહારની વ્યવસ્થા રાખવામાં આવેલ છે.

# વડોદરા સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી હર્ષશીલાશ્રીજી મ.સા.ના વર્ષીતપના પારણા થયા





વડોદરા ક.દ.ઓ.જૈન સંઘમાં પ.પૂ.સાધ્વીશ્રી હંસાવલીશ્રીજી મ.સા.ની પાવન નિશ્રામાં પ.પૂ.સાધ્વીશ્રી હર્ષશીલાશ્રીજી મ.સા.ના વર્ષીતપના પારણા અદ્‌ભૂત ભાવ સાથે થયા.

# કચ્છ કોહિનૂર પ.પૂ.ગણિવર્ય શ્રી કમલપ્રભસાગરજી મ.સાનો સંભવિત વિહાર ક્રમ

ગુરૂગુણ પાત્ર કચ્છ કોહિનૂર પ.પૂ.ગણિવર્ય શ્રી કમલપ્રભસાગરજી મ.સા.નો આગામી સંભવિત વિહાર ક્રમ નીચે મુજબ પ્રમાણે છે. તા.૧મે રવિવારના છેડા નગર, તા.૨મે અને ૩મે ચુનાભઠ્ઠી સામૂહિક વર્ષીતપ પારણામાં નિશ્રા તા.૪મે ચેમ્બુર, તા.૫ અને ૬મે વિક્રોલી, તા.૫મે ના જિનવાણીના જાદુગર પ.પૂ.ગુરૂદેવ કમલપ્રભસાગરજી મ.સા.નો ૬૪મો જન્મદિવસ તા.૬ મે શુક્રવારના પ.પૂ.સાધ્વી શ્રી મંત્રપૂર્ણાશ્રીજી મ.સા.ના સળંગ ૧૧૪ના આયંબિલનું પારણું.

તા.૭મે શનિવાર અને તા.૮મે રવિવાર ભાંડુપ, તા.૮મે ના શ્રી ગૌતમ ગુણ વિહાર પાલીતીર્થ ભક્તોનું સ્નેહમિલનમાં નિશ્રા પ્રદાન તા.૯મે સોમવાર અને તા.૧૦મે મંગળવાર જગડુશાનગર તા.૧૦મે ના ધ્વજારોહણ તા.૧૧મે બુધવાર સાયન અને તા.૧૨મે ગુરૂવાર માટુંગા ગીતાસ્મૃતિ નવકાર જાપ કાર્યક્રમ. સંપર્ક મહેશભાઈ-૮૫૫૧૦૧૯૩૬૫

# ભાવભીની શ્રદ્ધાંજલિ



## શેઠશ્રી તરુણ ધનજી ધરમશી ઉ.વર્ષ - ૬૪

(સ્વર્ગવાસ : તા.૦૩-૦૫-૨૦૨૨)

ગામ : કચ્છ, સુથરી - હાલે : જુહૂ

આપ હતાં પરિવારના બાગબાન,
આપની હસ્તી હતી શીતળ છાયા સમાન,
નાના-મોટા સહુના હૃદયમાં આપે કર્યો હતો વાસ,
સદાય મહેંકતી રહેશે આપની સ્મૃતિઓની સુવાસ

**આપના પરમ આત્માને પ્રભુ પરમશાંતિ અર્પે**
**એજ પ્રાર્થના**

-:: શ્રદ્ધાસુમન ::-

## નરેન્દ્ર નવલચંદ ટોલીયા

***Shree Tolia Shipping Services***

CLEARING • FORWARDING • SHIPPING & INSURANCE AGENTS

# ધગધગતી ગરમી અને તાપમાં અનેક લોકોને આંતરડા ઠારતી ઠંડી છાશ વિતરીત કરી સેવા આપતા લીનાબેન શાહ

ધગધગતા ગરમીમાં શુધ્ધ બિસ્લેરી પાણી વાપરીને ઘરે બનાવવામાં આવેલ છાશ પીને અનેક લોકો સંતોષ અનુભવે છે. આ સમાજપયોગી અને સરાહનીય કાર્ય ઘાટકોપર ઈસ્ટના એમજી રોડ ખાતે શ્રીમતી રમાબેન અનંતરાય શાહ ટ્રસ્ટ દ્વારા ચાલી રહ્યું છે. આ સેવા કાર્ય વિષે માહિતી આપતા વરાડીયાના શ્રીમતી પ્રભાવંતીબેન ચિમનલાલ ધનજી વિકમશીના પુત્રી લીના ચેતન શાહ અને ચેતન અનંતરાય શાહ એ જણાવ્યું કે અમે દરરોજ ૪૧ લિટર દૂધમાંથી ઘરે બનાવેલ દહીં વલોવી છાશ બનાવી તેનું વિનામૂલ્ય વિતરણ કરીએ છીએ.







જેને જોઈએ તેટલી ચા અને ત્યાર બાદ છાશનું વિતરણ કરવામાં આવે છે. ભારતીબેન, કેતનભાઈ, સંદીપભાઈ, રવિભાઈ, આભા સોડા એમ.જી.રોડ, નાનુભાઈ ચાઈનીઝવાલા, પરેશભાઈ વિકમશી, સંજયભાઈ મહેતાનો આ સેવાકાર્યમાં સહયોગ મળે છે. લીનાબેન ચેતન શાહ દર શનિવારના દિવસે તાતા હોસ્પિટલની બહાર ઘરે બનાવેલ પૂરી ભાજી કેન્સરના દર્દીઓના સગા વહાલાઓને વિતરણ કરે છે.

---

# તા.૧લી મે મજૂર દિને તિરૂપુરમાં મેગા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

તા.૧મે રવિવારે મજૂર દિને બે મેગા બ્લડ ડોનેશન કેમ્પ તિરૂપુરના બારાની પેટ્રોલ પંપ પ્રિમાઈસીસ અને હારવે કુમાર સ્વામી મંડપ સ્થળે સેવા સંસ્થા મયુરચી મક્કલ અમાઈપુ દ્વારા યોજાયા. જેમાં બન્ને કેમ્પમાં ૪૭ અને ૪૮ યુનિટ બ્લડ તિરૂપુર અને પોલાચી ગર્વમેન્ટ હોસ્પિટલની ટીમ દ્વારા જમા કરાયું હતું. પ્રત્યેક રક્તદાતાઓને પ્રશાસ્તિ પ્રમાણપત્ર અપાયા. સંસ્થાના ઉપપ્રમુખ સતિષ નાગડાએ સદર બલ્ડ કેમ્પમાં ૬૯મી વાર બ્લડ ડોનેટ કર્યું જ્યારે તેમના પુત્ર નિમિત નાગડાએ પાંચમી વાર બ્લડ ડોનેટ કર્યું. સવારે નાસ્તાની અને બપોરે ભોજનની વ્યવસ્થા કાર્યકરો અને બ્લડ ડોનેશન લેવા માટે આવેલા ડોક્ટરોની ટીમ માટે કરાઈ હતી.



---

# ભાવભીની શ્રદ્ધાંજલિ





**અરૂણા મોમાયા**
તા.૨ મે (ઉ.૭૩)
સાંયરા-મહેસાણા



**તરૂણ ધરમશી**
તા.૩ મે (ઉ.૬૪)
સુથરી-જુહૂ



**ઠાકરશી ડાઘા**
તા.૪ મે (ઉ.૮૧)
વરાડીયા-મલકાપુર



**આ કોલમમાં આપના કુટુંબીજનોને આપ વિનામૂલ્યે શ્રદ્ધાંજલિ આપી શકશો. વિગતમાં આપ નામ, ફોટો, ઉમર અને હાલ વસવાટની વિગત વિનામૂલ્યે આપવામાં આવશે.**

# આદરાંજલિ



## સ્વ.તરૂણ ધનજી ધરમશી

**ગામ - સુથરી, હાલ - જૂહુ, મુંબઈ**

**(સ્વર્ગવાસ : ૦૩-૦૫-૨૦૨૨)**

સજ્જનતા તમારી સુવાસ હતી, પ્રસન્નતા તમારૂં જીવન હતું,
પરોપકાર તમારૂ રટણ હતું, સત્યકાર્ય તમારી શોભા હતી,
એક સેવાભાવી નીસ્વાર્થ વ્યક્તિત્વ અને
કર્મનિષ્ઠ પુણ્યાત્માને પ્રભુ શાંતિ અર્પે
એજ પ્રાર્થના સાથે શ્રદ્ધાંજલિ સમર્પિત કરીએ છીએ...

**શ્રદ્ધાસુમન**

**ચીતુ બી. નરશી**
**કીર્તિ પદમશી લોડાયા**
**ચેતન હંસરાજ મોમાયા**

**અશોક વેરશી મોતા**
**હેમાંગ રાયચંદ ધરમશી**
**રાજેન્દ્ર મણિલાલ ખોના**

# પુષ્પાંજલિ



જન્મ :
૧૧-૦૨-૧૯૫૮

અરિહંતશરણ :
૦૩-૦૫-૨૦૨૨

# શેઠશ્રી તરુણ ધનજી ધરમશી

**ગામ : સુથરી, હાલ : જૂહુ, મુંબઈ**

પ્રેમ, કરૂણા, કર્તવ્યનિષ્ઠા, સહનશીલતા,
ધર્મપરાયણતા આદિ સદ્ગુણોથી
સભર આપની સૌજન્યશીલ જીવનશૈલી અમે
સૌ માટે સદૈવ પથદર્શક બની રહેશે
પ્રભુ તેમની આત્માને શાશ્વત શાંતિ આપે એજ પ્રાર્થના

-: શ્રધ્ધાસુમન :-

## દક્ષિણ ભારત શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન એકમ

**પદાધિકારીઓ, કારોબારી સભ્યો અને જ્ઞાતિજનો**

# આદરાંજલિ



જન્મ :
૧૧-૦૨-૧૯૫૮

અરિહંતશરણ :
૦૩-૦૫-૨૦૨૨

# શેઠશ્રી તરૂણ ધનજી ધરમશી

**ગામ - સુથરી,**
**હાલ - જૂહુ, મુંબઈ**

*આપ ગુણોના ઉપવન હતા, ને સમર્પણની સુવાસ,*
*આપની છાયા વડલા સમી, ને કાર્ય નદી સમાન,*
*અમી ભરેલી આંખ હતી, હૈયે હતા હેતના ધોધ,*
*સુંદર જીવન જીવી ગયા, આપ્યા સતકર્મોના બોધ*

REG:568/99-2000

## શ્રી કચ્છી દશા ઓસવાલ જૈન જ્ઞાતિ મહાજન - બેંગલોર

# ભાવભીની શ્રદ્ધાંજલિ



કચ્છ સુથરી

હાલે જુહુ

## શેઠશ્રી તરૂણ ધનજી ધરમશી

પ્રભુ સમીપે : તા. ૦૩-૦૫-૨૦૨૨

પાંપણ ઝૂકે ને તમને નમન થઈ જાય,
મસ્તક ઝૂકેને તમને વંદન થઈ જાય...
પણ એવી નજર હવે ક્યાંથી લાવીએ,
કે તમને યાદ કરીએ તે દર્શન થઈ જાય...

**શરદ મોમાયા** — હુબલી — **નીરવ મોમાયા**

UDAY ROADLINES
FLEET OWNERS & TRANSPORT CONTRACTORS

SMR
SHREE MANMOHAN ROADLINES

# આદરાંજલિ

પરમ પૂજનીય, પરમ ઉપકારી, અનમોલ 'જ્ઞાતિરત્ન'ના બિરુદથી અલંકૃત,
સન્માનીય લાડીલા શ્રી શેઠને આદરાંજલિ



# શેઠશ્રી તરુણ ધનજી ધરમશી

**ગામ : સુથરી, હાલ : જૂહુ, મુંબઈ**

**સ્વર્ગવાસ : તા.૦૩-૦૫-૨૦૨૨**

## 'વસમી વિદાય અમને લાગે દુ:ખદાયી'

व्यक्तित्व में जिनके आसमान की ऊँचाई थी
सद्‌गुणो में जिनके महासागर की गहराई थी
हृदय में जिनके देव, गुरु, धर्म की ज्योत ज्वलंत थी
रगरग में जिनके प्रेम, क्षमा, करुणा समाई थी
आँखो में स्नेह और होठो पे मधुर स्मित की महक थी
सदैव स्मरणीय आपके चरणो में नत मस्तके वंदना

આપની જીવન ગાથા અમ યુવાપેઢી માટે આદર્શરૂપ રહેશે.
પ્રત્યક્ષ મળેલા આપના આશીર્વચનો સ્મૃતીપટ પર સદાય અંકિત રહેશે.
પરમ કૃપાલુ, પરમાત્મા શુધ્ધ સ્વરૂપી આત્માને શીઘ્ર સિધ્ધપદ પ્રાપ્ત કરાવે એજ મંગલ પ્રાર્થના.
આત્મીય પરિવાર ને પ્રભુ અનંત શક્તિ સહન શીલતા પ્રદાન કરે
એજ અભ્યર્થના...

**શ્રદ્ધાસુમન**

## मातुश्री हेमाबाई टोकरशी सोनी परिवार, सांयरा-मुलुंड
## मंजुला प्रफुल्ल सोनी • प्रफुल्ल टोकरशी सोनी

# ભાવભીની શ્રદ્ધાંજલિ



જન્મ :
૧૧-૦૨-૧૯૫૮

અરિહંતશરણ :
૦૩-૦૫-૨૦૨૨

# શેઠશ્રી તરુણ ધનજી ધરમશી

## ગામ : સુથરી, હાલ : જૂહુ, મુંબઈ

*આપ સાથે વિતાવેલ દરેકે દરેક પળ અમને જીંદગીભર યાદ રહી જશે, આપ દ્વારા જ્ઞાતિહીત કાજે મળેલ સૂઝાવ અમારા માટે માર્ગદર્શક રહ્યા હતા. જે આપની દિર્ઘ દ્રષ્ટિની મિસાલ દર્શાવે છે*

સમય જીંદગીનો ઓછો હશે ક્યાં ખબર હતી ?
વિદાય તમારી અણધારી હશે ક્યાં ખબર હતી ?
સર્વત્ર સુવાસ ફેલાવી ગયા, સંભારણા રાખી ગયા.
પ્રેમ, કરૂણા, કર્તવ્યનિષ્ઠા ધર્મપરાયણતા આદિ
સદ્‌ગુણોથી સભર આપની સૌજન્યશીલ જીવનશૈલી
અમ સૌ માટે સદૈવ પથદર્શક બની રહેશે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ અભ્યર્થના

-: શ્રદ્ધાસુમન :-

## નરેન્દ્ર જયચંદ શાહ (નાગડા) નલિયા-માટુંગા

## ભાવાંજલિ... શ્રધ્ધાંજલિ... હૃદયાંજલિ



કચ્છ
સુથરી

મુંબઇ
જુહુ

# શેઠશ્રી તરુણ ધનજી ધરમશી

**માનવ ભવ :** (૧૧-૦૨-૧૯૫૮ • ૦૩-૦૫-૨૦૨૨)

'નિખાલસ સ્વભાવ, ઉદારદિલ દાતા, સાહસિક ઉમદા વિચારો,
ગામ તથા સમાજ માટે દરેક પ્રકારની સહાય માટે સદાય તત્પર...'
મનુષ્ય દેહ નાશવંત છે, પરંતુ સત્કાર્યોની સુવાસ હંમેશા
મહેકતી હોય છે, મહેકતી રહેશે...
સામાન્ય પરિવારમાં જન્મ પણ પુણ્ય બળ તથા
સખત પરિશ્રમ કરી જીવનશૈલીમાં ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કર્યું
છતાં પણ બાળપણના સખાઓ/મિત્રો જોડે સહજતા પૂર્ણ વ્યવહાર
એ જ તમારા જીવનની સિદ્ધિ...
**પરમાત્મા તમારા આત્માને પરમ શાંતિ આપે તથા**
**ત્વરિત મોક્ષગામી બનાવે એ જ આંતરિક અભ્યર્થના**

-: શ્રદ્ધાસુમન :-

## શાહ નારાણજી કલ્યાણજી ધરમશી પરિવાર

VINAYCARGO
WORLDWIDE LOGISTICS
Thinking ahead - Moving forward

# ભાવભીની શ્રદ્ધાંજલિ



# શેઠશ્રી તરૂણ ધનજી ધરમશી

**ગામ : સુથરી, હાલ : જૂહુ, મુંબઈ**

**માનવ ભવ :** (૧૧-૦૨-૧૯૫૮ • ૦૩-૦૫-૨૦૨૨)

પાંપણ ઝૂકે ને તમને નમન થઈ જાય,
મસ્તક ઝૂકેને તમને વંદન થઈ જાય...
પણ એવી નજર હવે ક્યાંથી લાવીએ,
કે તમને યાદ કરીએ તે દર્શન થઈ જાય...

શ્રદ્ધાસુમન

## ચંદ્રેશ વિરચંદ છેડા

સુજાપુર-રાયપુર

# ભાવભરી શ્રદ્ધાંજલિ



# શેઠશ્રી તરુણ ધનજી ધરમશી

**ગામ - સુથરી, હાલ - જૂહુ, મુંબઈ**

**(અરિહંતશરણ - ૦૩-૦૫-૨૦૨૨)**

**તમારો પ્રેમ, સ્નેહ, માયાળુ સ્વભાવ, હસમુખો ચહેરો અમારા માટે જીવનનો સહારો બની રહે, તમારી યાદને હૃદયમાં સાચવીને અશ્રુભીની આંખે શ્રધ્ધાંજલી અર્પીએ છીએ.**

**-: શ્રધ્ધા સુમન :-**

## મુલચંદ પદમશી મોતા

**નલિયા–બડગરા**

# ભાવપૂર્ણ શ્રદ્ધાંજલિ





સેવા, સમર્પણ અને સ્નેહની સાક્ષાતમૂર્તિ,
અમૃત ભરેલા અંતરવાળા,
સાગર જેવો વિશાળ દિલ ધરાવતા, સ્વજનો,
મિત્રોને સદાય સાથ આપનારા,
મુરબ્બી માર્ગદર્શક તરીકે ઉપયોગી થવા રહેતા
પરગજુ માનવ રત્નના જવાથી
સૌના જીવનમાં ખાલીપો સર્જાયો છે

# સ્વ. તરૂણ ધનજી ધરમશી

**ગામ : સુથરી, હાલ : જૂહુ, મુંબઈ**

**સ્વર્ગવાસ : તા.૦૩-૦૫-૨૦૨૨**



Sure® Safety
Complete Safety Solutions
PPE Training Consulting & Services

## નીશિથ આનંદ દંડ

# ભાવભીની સ્મરણાંજલિ



## શેઠશ્રી તરૂણ ધનજી ધરમશી

**ગામ : સુથરી, હાલ : જૂહુ, મુંબઈ**

**સ્વર્ગવાસ : તા.૦૩-૦૫-૨૦૨૨**

તમારી અણધારી વિદાય વેળાએ
આપનો સંસ્થા સાથેનો અતૂટ નાતો અને વર્ષોની અખૂટ યાદો
પ્રેરણાત્મક છે આપના જીવનની અમૂલ્ય ગાથાઓ
સમાજના તેમજ સંસ્થાના દરેક કાર્યો માટે
આપના માર્ગદર્શનના સંસ્મરણો
અમારા સ્મૃતિપટ પરથી ક્યારેય વિસરાશે તો નહીં જ
પણ આપનો ચીંધેલ માર્ગ સંભારણું બની
ભવિષ્યના સોપાનો સર કરવા અજવાળતી રહેશે.

-: શોકાતુર :-

## પ્રવિણ હંસરાજ લોડાયા

**કચ્છ – આરીખાણા, હાલ – મુલુંડ**

# ભાવાંજલિ



## શેઠશ્રી તરુણ ધનજી ધરમશી

**ગામ : સુથરી, હાલ : જૂહુ, મુંબઈ**

**સ્વર્ગવાસ : તા.૦૩-૦૫-૨૦૨૨**

*જીંદગી હતી ટૂંકી છતા યાદો અઢળક મુકી ગયા...*
*સ્નેહ, સમર્પણની મૂડી થકી, સંબંધો તમને ઝૂકી ગયા...*
*છાને ખૂણે રડી લઈશું, જ્યારે આવશે યાદ તમારી...*
*ભર બપોરે થયો સૂરજ અસ્ત, એવી વિદાય તમારી...*

**શોકાતુર**

## જીતેન્દ્ર સી. મહેતા - બેંગ્લોર

# ભાવભીની સ્મરણાંજલિ





## શેઠશ્રી તરૂણ ધનજી ધરમશી

**ગામ : સુથરી, હાલ : જૂહુ, મુંબઈ**

**(સ્વર્ગવાસ : તા.૦૩-૦૫-૨૦૨૨)**

તરૂણભાઈ એટલે એક જાંબાઝ, જિંદાદિલ ઈન્સાન,
એક કર્મઠ વ્યક્તિત્વ, સ્વની ચિંતા કર્યા સિવાય સતત પરમાર્થ ના કાર્યો
કોઈપણ જાતની અપેક્ષા સિવાય કરતા જાય.
આવા માનવતાના મસીહા ની વિદાયથી એક શુન્યાવકાશ સર્જાયો હોય તેમ લાગે છે.
પરંતુ અપ્રત્યક્ષ રીતે તેઓ સદા આપણાં માર્ગદર્શક બની રહેશે જ.
આવા પવિત્ર આત્માને પ્રભુનું સાનિધ્ય પ્રાપ્ત થાઓ.
એજ પ્રાર્થના સહ ભાવભરી શ્રદ્ધાંજલિ

# SAMPATRAJ MARLECHA

**karnataka Chemical industry - Bangalore**

# ભાવાંજલિ સહ પુષ્પાંજલિ



## શેઠશ્રી તરૂણ ધનજી ધરમશી

**ગામ : સુથરી, હાલ : જૂહુ, મુંબઈ**

**સ્વર્ગવાસ :**
**તા.૦૩-૦૫-૨૦૨૨**

જન્મ તેનું મૃત્યુ, ઉદય તેનો અસ્ત એ સનાતન
સત્ય હોવા છતાં કેટલા મૃત્યુ એવા હોય છે જેના ઘાવ રૂઝાતા નથી.
પ્રભુ આપના દિવ્યત્મ આત્માને શાશ્વત શાંતિ આપે એજ પ્રાર્થના

# ધીરીશ ઈન્ટરનેશનલ

## બેંગ્લોર

# ભાવાંજલિ



# શેઠશ્રી તરૂણ ધનજી ધરમશી

**ગામ : સુથરી, હાલ : જૂહુ, મુંબઈ**

**(અરિહંતશરણ - ૦૩-૦૫-૨૦૨૨)**

આપ ગુણોના ઉદ્યાન હતા, ને હતા સમર્પણની સુવાસ,
આપની છાયા વડલા સમી, ને કાર્ય નદી સમાન,
અમી ભરેલી આંખ હતી, હૈયે હતાં હેતના ધોધ,
સુંદર જીવન જીવી ગયા, આપ્યો સત્કર્મોનો બોધ...

-: શોકાતુર :-

**ભરતભાઈ યુ. શાહ • જયંત સુરાના**
**લલીત પારેખ • કાંતિભાઈ રાઠોડ**
**બેંગ્લોર**

# ભાવાંજલિ... શ્રદ્ધાંજલિ



## શેઠશ્રી તરૂણ ધનજી ધરમશી

**ગામ : સુથરી, હાલ : જૂહુ, મુંબઈ**

(અરિહંતશરણ - ૦૩-૦૫-૨૦૨૨)

જીંદગી હતી ટૂંકી છતા મૈત્રી અઢળક મુકી ગયા...
સ્નેહ, સમર્પણની મૂડી થકી, સંબંધો તમને ઝૂકી ગયા...
છાને ખૂણે રડી લઈશું, જ્યારે આવશે યાદ તમારી...
ભર બપોરે થયો સૂરજ અસ્ત, એવી વિદાય તમારી...

-: શોકાતુર :-

## ભરત પદમશી લોડાયા – એર્નાકુલમ

# શ્રી ક.દ.ઓ. જૈન સમસ્ત મહાજનની બીટુબી કમિટીના સહયોગથી નવી પહેલ

કોરાનાના લાંબા કપરા કાળની અસર સૌના ધંધા, રોજગાર પર પડી છે. જેને લીધે અનેક પરિવારોને આર્થિક, સામાજિક અસરો થઈ છે. આ સમસ્યાને ધ્યાનમાં લઈને જ્ઞાતિમૈયા સમસ્ત મહાજનની બીટુબી કમિટીના સહયોગથી વ્યવાસિકોને નોકરી ખાલી છે એ જરૂરત પૂરી કરવા અને યોગ્ય ધરાવતા જ્ઞાતિજનોને નોકરી જોઈએ છે એ માટે તક મળી રહે એ માટે બીડું ઝડપી તક પૂરી પાડશે.

તો આ વિભાગનો લાભ મળી રહે એ માટે આપની જરૂરિયાતની વિગત મોકલશો જે આ વિભાગ અંતર્ગત લિંકમાં એટેચડ કરાશે.

**જેમની કંપનીમાં નોકરી ખાલી છે તે લોકો અહીં કલીક કરીને આ ફોર્મ ભરે**

**નોકરીની જરૂરિયાત વાળા વ્યક્તિ કલીક કરીને આ ફોર્મ ભરે**

# ભાવપૂર્ણ આદરાંજલિ



## સ્વ. તરૂણ ધનજી ધરમશી

**ગામ : સુથરી, હાલ : જૂહુ, મુંબઈ**

**માનવ ભવ : (૧૧-૦૨-૧૯૫૮ ● ૦૩-૦૫-૨૦૨૨)**

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન

### ટ્રસ્ટીગણ અને મહાસમિતિના સભ્ય

# ઉદાર હાથે સહાય કરો
# અને જ્ઞાતિસેવાનો લાભ લો

KDO JAIN GLOBAL CARD

KDO Swaroj

KDO BUSINESS

80G સર્ટિફીકેટ

## C.S.R.

CORPORATE SOCIAL RESPONSIBILITY

KDO SANJIVANI

KDO દિવ્યાંગ

સ્વાભિમાન

AAWAAS

KDO UDAAN

**For NEFT Transfer**

Type of Account : Saving
ccount Number : 002001005497
Name of the Bank : Shri Arihant Co-op. Bank Ltd.
Branch : Mulund (West) Mumbal - 400 080.
Name Account : Shri Samasta Kutchi Dasa Oswal Jain Mahajan
For Mobile App Transfer
Our IFSC Code : ICIC00ARIHT

## શ્રી સમસ્ત કચ્છી દશા ઓશવાલ જૈન મહાજન




● મુંદરાના મહારાષ્ટ્ર મંડળ દ્વારા છત્રપતિ શિવાજી મહારાજ જયંતિ નિમિત્તે ભીડ ભંજન મહાદેવથી નાસિક ઢોલ, બેન્ડ પાર્ટી, શિવાજી મહારાજની વિવિધ ઝાંખીઓ, બહેનો ભાઈઓ કેસરી સાફા માથે ધારણ કરી શોભાયાત્રાની નીકળી હતી. આ દિવસે છત્રપતિ શિવાજી મહારાજ માર્ગનું અનાવરણ ધારાસભ્ય વીરેન્દ્ર સિંહ જાડેજા દ્વારા કરાયું. ભુજ તાલુકાના બળદિયા ગામે હિન્દુ સંગઠન દ્વારા હિન્દુ ગૌરવ યાત્રા દબદબાભેર કેરાગામથી બલદેશ્વર મહાદેવ સુધી નીકળી હતી. શિવાજી મહારાજના પ્રતિમાને ફૂલહારથી વધાવાઈ હતી.

● કચ્છના ગામડાઓમાં ગ્રામ્ય સંસદ સમાન ગ્રામ પંચાયતની કચેરીઓ ન હોવાથી અનેક ગામોના વહીવટ ઉપર મોટી અસર પહોંચતી હોવાથી જિલ્લામાં ખનિજ ઉત્થનન કરવામાં આવે છે. જેના પેટે અંદાજે દર વર્ષે ૩૦૦ કરોડની રોયલ્ટી મળતી હોવાથી આ રોયલ્ટીની રકમમાંથી સારી એવી ગ્રાન્ટ સરકાર દ્વારા કચ્છના ગ્રામ્ય વિકાસ માટે ફાળવવામાં આવે છે. કચ્છ કલેક્ટરના જણાવ્યા અનુસાર અંદાજે ૨૦૦ ગામો એવા છે જેની આસપાસ ખનિજ ધરબાયેલું છે. આ તમામ ગામોને ખનિજ રોયલ્ટીની રકમ વિકાસ કામો માટે ફાળવવામાં આવે છે. અને ગામો એવો છે જ્યાં ગ્રામ પંચાયતની કચેરીઓની હાલત અત્યંત ખરાબ છે. આવા પ્રથમ તબક્કે ૧૦૧ ગ્રામ પસંદ કરવામાં આવ્યા છે જ્યાં વસતાના ધોરણે નવા પંચાયત ભવન ૧૪ થી ૨૨ લાખ પ્રત્યેક કચેરી પાછળ ખર્ચી નિર્માણ કરાશે.

● નાનપણથી ગણિતના વિષય પ્રત્યે અનહદ રૂચિ ધરાવતા અને પોદાર સ્કૂલમાં ધોરણ ૫મા અભ્યાસ કરતાં મૂળ ભુજના તથા ઘાટકોપર રહેતા ૧૦ વર્ષીય પુરવ પરિન રાજગોરે અબેક્સ, વૈદિક અને માનસિક ગણિતની લેવલ ૧૧ની આંતરરાષ્ટ્રીય ઓનલાઈન સ્પર્ધામાં નાની વયે ચેમ્પિયન બનીને કચ્છનું ગૌરવ વધાર્યું છે. મહારાજ માર્કેટીંગ તાલપત્રીના વ્યવસાયી વસંતભાઈ શંકરજી ઉગાણીનો પુરવ પૌત્ર છે. ગણિતની અનોખી રીતને પ્રોત્સાહન અને જૂની રીતને જીવંત રાખવા માટે સતત કાર્ય કરતી વિઝ કિડસ એકેડેમી પ્રા.લિમિટેડ દ્વારા લેવલ ૧ થી ૧૪ સુધીની અબેક્સ, વૈદિક અને માનસિક ગણિત વિષયની ઓનલાઈન આંતરરાષ્ટ્રીય સ્પર્ધા ૨૦૨૨નું આયોજન કર્યું હતું. જેમાં લેવલ ૧૧માં પુરવ રાજગોર નક્કી કરેલ વય કરતાં ઓછી વય હોવા છતાં પ્રથમ આવતા તેને ગોલ્ડ મેડલથી આગળ ચેમ્પિયનના ખિતાબથી નવાજવામાં આવેલ.

● મહાબંદર કંડલાની ૧૧ અને ૧૨ નંબરની જેટી ઉપર પાંચ તોંતિંગ ક્રેન લઈને ચીનનું એક જહાજ લાંગર્યું હતું. જેની અનલોડીંગ કરવા ૩૦ જેટલા અધિકારીઓ, કર્મચારીઓ મથામણ કરી હતી. ચાર ડબલ ટાયર ગ્રેન્ટી ક્રેન તથા એક રેલ માઉન્ટેડ ગ્રેન્ટી ક્રેન એમ પાંચ વિશાળ ક્રેનો કન્ટેનર હેન્ડલિંગ અર્થે ચીનથી મંગાવાઈ જે જહાજ દ્વારા કંડલા પહોંચી હતી. તમામ ક્રેનોને ઉતારતા ત્રણ દિવસ લાગ્યા હતા. અગાઉ પણ કંડલા ઈન્ટરનેશનલ કન્ટેનર ટર્મિનલ ખાતે ક્રેનો આવી જલવાઈ હતી પરંતુ એક સાથે પાંચ ક્રેનો સામટી અનલોડીંગ પ્રથમ વખત ધરાયું હતું.

● અબડાસા તાલુકાની ગ્રામ પંચાયતની ચૂંટણી પછી ૪૩ ગામોમાં પંચાયતની બાગડોર મહિલાઓએ સંભાળી પણ તે પછી મહિલા અનામતવાળી ગ્રામ પંચાયતોનો વહીવટ મહિલા સરપંચો એ સંભાળવાને બદલે તેમના પતિ કે સંતાનો સંભાળતા પંચાયત કક્ષાએ મહિલા અનામતની સફળતા અંગે પ્રશ્નાર્થ ખડો થયો છે. પંચાયતી રાજ ક્ષેત્રે ૫૦ ટકા બેઠકો મહિલાઓ માટે આરક્ષિત રખાઈ છે. પણ શિક્ષણનો કોઈ નિયમ રખાયો નથી. અબડાસામાં ૪૩ મહિલા સરપંચો પૈકી ૨૦ મહિલા સરપંચો અભણ છે. જ્યારે ૩૬ પુરૂષ સરપંચો પૈકી ૨૧ પુરૂષ સરપંચ અંગૂઠા છાપ છે. આ સૌ અભણ સરપંચોને લખતા, વાચંતા કે સહી કરતાં ન આવડતું હોતાં ચેકમાં પણ અંગૂઠો કરે છે.


Sure Safety
Complete Safety Solutions
ONE STOP SAFETY SOLUTION PROVIDER
ALL INDIA DEALERS WANTED
Drive your growth with India's biggest PPE brand SAVIOUR
Freedom Helmet
Saviour Electric Arc Suit
Saviour Safety Harness
Saviour Foldable Ear Muffs
Di-electric Boots
Saviour Work-wear Cotton Coverall
Saviour Safety Glasses
Flash Lights
Saviour 'PRO' BA Set with Composite Cylinder
Saviour Chem Pro Gloves
N95 Mask
Saviour Lion Safety Shoes
We manufacture India's biggest & most trusted PPE brand SAVIOUR
Reliable | Transparent | Assured Guarantee
SAVIOUR
Performing PPE
Contact: + 91 8511495152 | sales@suresafety.com | www.suresafety.com

Diamond manufacturers,
Exporter's & Importer's
Exclusive designer jewellery
Dealing with EF - VVS quality
Own manufacturing unit in Mumbai & Chennai

GJF Life Member




# 128, Cathedral Road, No.2, 5 th Floor Crown Court Building, Chennai-600 086.

For Business Queries : 044-4314 1444 / 1555

www.shubhdiamonds.com E.Mail: seema@shubhdiamonds.com

-: શુભેચ્છા સહ :-

માતુશ્રી સરલાબેન ગંગાજર મોમાયા પરિવાર

(ગામ - સાયરા)